NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

**જાહેરાત નં.૦૧/૨૦૧૭**
**(બિન શૈક્ષણિક)**

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ધ્વારા નીચે મુજબ દર્શાવેલ સંવર્ગો(**વર્ગ–૩**)ની ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારએ **www.nau.in** અથવા **jobs.nau.in** વેબસાઈટ પર **તા.૧૭/૦૩/૨૦૧૭** થી **તા.૧૧/૦૪/૨૦૧૭**(સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

**(૧)** અરજી કરવા માટેની વિગતવાર સુચનાઓ આ જાહેરાતના મુદ્દા નંબર–**૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧**માં દર્શાવેલ છે. ઓનલાઈન અરજી કરતાં પહેલા ઉમેદવારે પોતે સમગ્ર જાહેરાત ધ્યાનથી વાંચવી જરૂરી છે.

**(૨)** ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારએ કોઈ પ્રમાણપત્ર અપલોડ કરવાના નથી. પરંતુ, ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી યુનિવર્સિટી ધ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી/નિમણુંક **રદ** કરવામાં આવશે.

**(૩)** સ્પર્ધાત્મક પરીક્ષાની પધ્ધતિ અને પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં મુદ્દા **નંબર–૧૯**માં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓપ્ટીકલ માર્કસ રીડીંગ(OMR) પધ્ધતિ મુજબની રહેશે.

ઉમેદવારોને લેખિત પરીક્ષા અંગેની જાણ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર અને ઉમેદવારોએ અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવેલ હશે, તે નંબર ઉપર એસ.એમ.એસ(SMS) ધ્વારા જણાવવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો. તેમજ પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે જ મોબાઈલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે.

**(૪)** **વર્ગ–૩** સંવર્ગની જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક :

| અ. નં. | જગ્યાનું નામ, પગાર ધોરણ અને ગ્રેડ પે | પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગાર પ્રતિ માસ | જગ્યાની સંખ્યા | દરેક જાતિ પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી **મહિલાઓ** માટે અનામત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિ. અ. | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. | શા. ખો. ખા. | બિ. અ. | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. | શા. ખો. ખા. |
| ૧ | ખેતીવાડી અધિકારી ₹ ૯૩૦૦–૩૪૮૦૦(૪૪૦૦) | ₹ ૩૮૦૯૦ | **૧૩** | ૫ | ૧ | ૨ | ૫ | – | ૧ | – | – | ૧ | – |
| ૨ | લેબોરેટરી ટેકનીશીયન ₹ ૫૨૦૦–૨૦૨૦૦(૨૮૦૦) | ₹ ૩૧૩૪૦ | **૦૧** | – | – | – | – | ૧ | – | – | – | – | – |
| ૩ | કોમ્પ્યુટર પ્રોગ્રામર ₹ ૫૨૦૦–૨૦૨૦૦(૨૮૦૦) | ₹ ૩૧૩૪૦ | **૦૨** | ૨ | – | – | – | – | – | – | – | – | – |
| ૪ | ખેતી મદદનીશ ₹ ૫૨૦૦–૨૦૨૦૦(૨૪૦૦) | ₹ ૧૯૯૫૦ | **૬૦** | ૩૫ | ૩ | – | ૨૨ | – | ૧૧ | ૧ | – | ૭ | – |
| ૫ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩(અંગ્રેજી) ₹ ૫૨૦૦–૨૦૨૦૦(૨૪૦૦) | ₹ ૧૯૯૫૦ | **૦૩** | ૧ | – | ૧ | ૧ | – | – | – | – | – | – |

➢ **અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ છે.** અનામત વર્ગના તમામ ઉમેદવારોએ **જાતિ** અંગેનું **પ્રમાણપત્ર** ગુજરાત સરકાર ધ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે.

➢ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.

**(૫)** નાંણા વિભાગ, ગાંધીનગરના તા.૧૬/૨/૨૦૦૬, તા.૨૯/૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવોની જોગવાઈઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે નિયત ફીકસ પગારથી નિમણુંક અપાશે તેમજ સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

**(૬) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા :**

| **અ. નં.** | **જગ્યાનું નામ અને પગાર ધોરણ** | **જરૂરી શૈક્ષણિક લાયકાત** | **વય મર્યાદા** |
|---|---|---|---|
| ૧ | ખેતીવાડી અધિકારી (કૃષિ/બાગાયત) (₹ ૯૩૦૦–૩૪૮૦૦) ગ્રેડ પે ₹ ૪૪૦૦/– | – માન્ય કૃષિ વિશ્વવિદ્યાલયની જે તે વિદ્યાશાખાની પ્રથમ વર્ગ સાથેની સ્નાતક પદવી **અથવા** બીજા વર્ગ સાથેની અનુસ્નાતક પદવી પાસ કરેલ હોવી જોઈએ.<br>– સા.શૈ.પછાત / અનુ.જાતિ / અનુ.જનજાતિ વર્ગના ઉમેદવારોને શૈક્ષણિક લાયકાતમાં પાંચ(૦૫) ટકાની છુટછાટ મળવાપાત્ર રહેશે.<br>– કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨ | લેબોરેટરી ટેકનીશીયન (₹ ૫૨૦૦–૨૦૨૦૦) ગ્રેડ પે ₹ ૨૮૦૦/– **(PH માટે ત્રીજો પ્રયત્ન)** | – માન્ય યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ બેચલર ઓફ સાયન્સમાં કેમીસ્ટ્રી/માઈક્રોબાયોલોજી **અથવા** હોમ સાયન્સ/ન્યુટ્રીશન/ બી.ટેક.(ફુડ ટેકનોલોજી)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ.<br>– સરકાર માન્ય સંસ્થામાંથી લેબોરેટરી ટેકનીશીયન તરીકેની ટ્રેનીંગ લીધેલ હોવી જોઈએ.<br>– કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૩ | કોમ્પ્યુટર પ્રોગ્રામર (₹ ૫૨૦૦–૨૦૨૦૦) ગ્રેડ પે ₹ ૨૮૦૦/– | – Master degree in Computer Science or M.C.A. **OR** B.Sc. in Computer Science with **3** years experience **OR** B.Sc. in Statistics / Mathematics and P.G. Diploma in Computer Applications. | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૪ | ખેતી મદદનીશ (₹ ૫૨૦૦–૨૦૨૦૦) ગ્રેડ પે ₹ ૨૪૦૦/– | – માન્ય કૃષિ વિશ્વવિદ્યાલયનો બે/ત્રણ વર્ષનો કૃષિ/બાગાયત ડિપ્લોમા કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>– કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. | ૧૮ થી ૩૩ વર્ષ |
| ૫ | સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ **(અંગ્રેજી)** (₹ ૫૨૦૦–૨૦૨૦૦) ગ્રેડ પે ₹ ૨૪૦૦/– | – માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી બી.એ./ બી.કોમ./ બી.એસ.સી. સાથે પાસ કરેલ હોવી જોઈએ.<br>– અંગ્રેજી ટાઈપ રાઈટીંગમાં ૪૦ શ.ઝ./ પ્ર.મી. અને અંગ્રેજી શોર્ટ હેન્ડ ૮૦ શ.ઝ./ પ્ર.મી. પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>– કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. | ૧૮ થી ૩૫ વર્ષ |

➢ ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓના સેવા(બિનશૈક્ષણિક કર્મચારી ભરતી) નિયમ–૨૦૧૧ના સ્ટેચ્યુટ એસ–૧૧૬ મુજબ વયમર્યાદા દર્શાવેલ છે. તેમાં ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧૨૦૦૮–૨૮૨૩૨૩–ગ.૫, તા.૦૬/૧૦/૨૦૧૫ મુજબ જે તે જગ્યા માટે વયમર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.

(૭) **કોમ્પ્યુટર કૌશલ્ય**ની સી.સી.સી. કક્ષાની પરીક્ષા સરકાર માન્ય સંસ્થામાં પાસ કરેલ હોય તે અંગેનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. **અથવા** નામદાર સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવથી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી **અથવા** સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર **અથવા** ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(૮) **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ–૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

(૯) **વયમર્યાદામાં છુટછાટ :**

મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧) | સામાન્ય મહિલા ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૨) | અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૦૫ વર્ષ |
| ૩) | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪) | સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫) | સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬) | અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭) | અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |
| ૮) | માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા (૪) મુજબ. | |

નોંધ :–

(૧) શારીરિક ખોડખાંપણની ૪૦ % કે તેથી વધુ ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ધરાવતા હશે, તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

(૨) શારીરિક અશકતતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

(૩) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર,ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહી.

(૪) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં **૪૫** વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૫) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના જ ઉમેદવારો માટે છે. અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેવા કિસ્સામાં વયમર્યાદા અને લાયકાત વગેરે અંગે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૬) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે, તે ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ **૪૫ વર્ષ** ની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૧૦) ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટી(SAU)ના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદામાં સ્ટેચ્યુટ S116 ના નિયમ ૨૭.૩ અને ૨૭.૪ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૧૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર (ભાગ–૧)ની જોગવાઈઓ ધ્યાને લઈ મહિલાઓ માટે અનામત રાખવામાં આવેલ છે. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબધિત કેટેગરી(જનરલ, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.)ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૧૨) જે સંવર્ગની જગ્યાઓમાં **સા.શૈ.પછાત** કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે, તેવા **સા.શૈ.પછાત** કેટેગરીના ઉમેદવારોએ નાણાકીય વર્ષ **૨૦૧૫–૧૬** અથવા **૨૦૧૬–૧૭**ની આવકના આધારે **નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૬** થી **તા.૧૧/૦૪/૨૦૧૭** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને **તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુકિત** તેમજ **અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહિ.**

(૧૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. તેમજ સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ના ઉમેદવાર ગુજરાતી અથવા અંગ્રેજી અથવા બંને ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૧૪) તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન–ક્રીમીલેયર સર્ટી અન્ય જરૂરી લાયકાત માટે (Cut of date) **તા.૧૧/૦૪/૨૦૧૭**ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

(૧૫) ઓનલાઈન ભરેલ અરજીપત્રક, ચલણ અને દસ્તાવેજો(પ્રમાણપત્રો)ની **પ્રમાણિત** નકલ સાથે અત્રેની કચેરીમાં **તા.૧૭/૦૪/૨૦૧૭**ના રોજ સાંજના **૧૭:૦૦ કલાક** સુધીમાં **રૂબરૂ/ટપાલ**(આર.પી.એડી.) કે કુરીયરથી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ **રૂબરૂ/ટપાલ**(આર.પી.એડી.) કે કુરીયરથી કોઈપણ કારણસર કચેરી ખાતે મોડી મળેલ/આવેલ અરજીઓ ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૧૬) **ઓનલાઈન અરજીપત્રક માટે નિયત થયેલ ફી :**

- **બિનઅનામત** વર્ગના ઉમેદવારોએ ₹ **૪૦૦**/– (₹ ૩૦૦/– પરીક્ષા ફી + ₹ ૧૦૦/– પ્રોસેસીંગ ફી) અને **અનામત** વર્ગના ઉમેદવારોએ ₹ **૧૦૦**/– પ્રોસેસીંગ ફી ભરવાની રહેશે.
- અનામત વર્ગની ઉમેદવારી માટે અનામત વર્ગના ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુકિત આપવામાં આવે છે.
- ઉમેદવારએ ફી ભર્યાની ચલણની નકલ પરીક્ષા સમયે ફરજિયાત સાથે લાવવાની રહેશે.
- **STATE BANK OF INDIA** માં ફી ભરવાની છેલ્લી **તા.૧૦/૦૪/૨૦૧૭** (બેંક કામકાજના સમય સુધી) રહેશે. તેમજ ફી ભર્યા બાદ રીફંડ કોઈપણ સંજોગોમાં મળવાપાત્ર નથી.
- અન્ય કોઈપણ રીતે ફી અત્રેની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે નહિ.

(૧૭) **અરજીપત્રકની ફી ભરવા માટેનાં પગલાની વિગત :**

૧) ઈન્ટરનેટ બ્રાઉઝર ધ્વારા **www.onlinesbi.com** વેબસાઈટ પર જવું.

૨) હોમ પેઈઝ પર ટોપ મેનુમાં **State Bank Collect** પર કલીક કરવું.

૩) **Disclaimer Clause** ☐ પેઈઝ પર ચેક બોકસ **(I Have Read Accepted The Terms and Conditions State Above)** પર ટીક કરવું અને ત્યાર બાદ **Proceed** પર કલીક કરવું.

૪) સ્ટેટ બેન્ક કલેકટ – **Select State and Type of Corporate / Institution** પેઈઝ પર નીચે મુજબની વિગતો સિલેકટ કરવી.

**State of Corporate/Institution: Gujarat**

**Type of Corporate/Institution: Educational Institution Go** પર કલીક કરવું.

૫) સ્ટેટ બેન્ક કલેકટ – **Select From Educational Institution** પેઈઝ પર **Educational Institutions** માં **NAU eUDAY FUND AC** સિલેકટ કરી, **Submit** બટન પર કલીક કરવું.

૬) **Provide Detail of Payment** પેઈઝ પર **Select Category** માં **<u>Recruitment Fee</u>** સિલેકટ કરી નીચે મુજબ માહિતી ભરવું.

| | | |
|---|---|---|
| Candidate Name | : | ________________ |
| Candidate Mobile | : | ________________ |
| Candidate Email | : | ________________ |
| Candidate Birth date | : | ________________ |
| **Fee Type** | : | **Non Teaching <u>General</u> Category** |
| **Fee** | : | **400** |
| | | **<u>OR (અથવા)</u>** |
| **Fee Type** | : | **Non Teaching <u>Reserved</u> Category** |
| **Fee** | : | **100** |
| Name | : | ________________ |
| Date Of Birth | : | ________________ |
| Mobile Number | : | ________________ |
| Enter Text as shown in the Image | : | ________________ |

ઉકત માહિતી ભરતી વખતે **જનરલ** કેટેગરીના ઉમેદવારોએ ₹ **૪૦૦**/– અને **અનામત** કેટેગરીના ઉમેદવારોએ ₹ **૧૦૦**/– **ફી** દર્શાવવાની રહેશે. જો **ફી** ની વિગતમાં **તફાવત હશે તો આપનું ફોર્મ માન્ય ગણવામાં આવશે નહી** તેમજ ચુકવેલ **ફી** કોઈપણ સંજોગોમાં રીફંડ મળશે નહી.

૭) આ પેઈઝ પર માહિતી ભર્યા બાદ **<u>Submit</u>** બટન પર કલીક કરી **ફી** ભરવાની આગળની કાર્યવાહી કરવી.

૮) ઈન્ટરનેટ બેન્કીંગ વેબસાઈટ **<u>www.onlinesbi.com</u>** ધ્વારા **ફી** ભર્યા બાદ ઉમેદવારોએ અરજી ઓનલાઈન વેબસાઈટ **<u>www.nau.in</u>** **અથવા** **<u>jobs.nau.in</u>** પર કરવાની રહેશે.

૯) **ફી** ભર્યા બાદ આગામી કામનાં દિવસોનાં **<u>૨૪ કલાક</u>** પછી ઓનલાઈન અરજી કરી શકાશે.

**(૧૮) ઓનલાઈન અરજી કરવાની રીત :**

આ જાહેરાતના સંદર્ભમાં નવસારી કૃષિ યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ **તા.૧૮/૦૩/૨૦૧૭** થી **તા.૧૧/૦૪/૨૦૧૭** (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન **<u>jobs.nau.in</u>** વેબસાઈટ પર અરજીપત્રક ભરી શકશે.

ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ **<u>અનામત</u>** કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે **<u>બિનઅનામત</u>** કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કેટેગરીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહિ. તેમજ જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો તેની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

૧) સૌપ્રથમ **<u>jobs.nau.in</u>** વેબસાઈટ પર જવું.

૨) ત્યારબાદ **Advertisement** પર **'Click'** કરવાથી (૧) ખેતીવાડી અધિકારી, (૨) લેબોરેટરી ટેકનીશીયન, (૩) કોમ્પ્યુટર પ્રોગ્રામર (૪) ખેતી મદદનીશ અને (૫) સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩(અંગ્રેજી) સંવર્ગની જગ્યાની વિગતો જોવા મળશે.

૩) ઉમેદવાર જે જગ્યા માટે અરજી કરવા માંગતા હોય તે **'POST'** ની સામે **'APPLY NOW'** પર **'Click'** કરવું.

૪) ત્યારબાદ **'Select Discipline'** ઓપ્શનમાં **'-------'** સીલેકટ કરવું. હવે જે તે કેટેગરીના ઉમેદવારે પોતાની **'Category Select'** કરવી. ત્યાર બાદ **'Sub-Category'** ઓપ્શનમાંથી **'Other / Medical Disability(PH) / GAU-NAU'** સીલેકટ કરવું.

૫) હવે, ઉમેદવારે જાતિ, પોતાનું પુરેપુરુ નામ, પિતા/પતિનું નામ, અટક, જન્મ તારીખ, મોબાઈલ નંબર તેમજ **E-mail id** ની વિગત ભરવાની રહેશે. ત્યારબાદ **'Next'** ઓપ્શન પર **'Click'** કરવું.

૬) ઉમેદવારે ઉકત માહિતી ભરતી વખતે જે મોબાઈલ નંબર રજીસ્ટર કર્યો હશે, તે મોબાઈલ ઉપર **'OTP' Code Generate** થશે. જે **Code** દાખલ કરી અરજી પત્રક ભરવાની આગળની કાર્યવાહી કરવી. તેમજ તમારો **Application ID Number** પણ **Generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય, જે ઉમેદવારે ફરજિયાત સાચવવાનો રહેશે.

૭) **'<u>STEP-1</u>'** ઓપ્શનમાં **Marital Status, Ex-Serviceman, Mother Tongue, Home Town, Home State, Nationality, Domicile State, Permanent Address, Present Address, Birth City/Taluka/District/State** વગેરે માહિતી ભરવાની રહેશે.

૮) હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો **Upload** કરવાનો છે. **(Photo Upload** કરવા સૌપ્રથમ તમારો **Photo jpg format** માં **(300 kb)** સાઈઝથી વધારે નહીં તે રીતે સ્કેન કરી **Computer** માં **Save** કરેલા હોવા જોઈએ) હવે **Browse button** પર **'Click'** કરો. ત્યાર બાદ **Choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલ **jpg format** માં તમારો ફોટો સ્ટોર થયેલ છે તે ફાઈલને સીલેકટ કરો અને **Open button** પર કલીક કરો. **Browse button** ની બાજુમાં **'Upload'** પર **'Click'** કરો, હવે તમારો **Photo** દેખાશે.

૯) ત્યારબાદ **'Language Details'** માં માહિતી ભરી **'Save & Next'** પર **'Click'** કરો.

૧૦) **'<u>STEP-2</u>'** ઓપ્શનમાં **Education Information, Experience Information** વગેરે માહિતી ભરવાની રહેશે. **Education Information** તથા **Experience Information** માં તમારી જમણી બાજુએ **'Add More'** દર્શાવેલ છે તેના પર **'Click'** કરવાથી વધારાની શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગત ભરી શકાશે. ત્યાર બાદ **'Save & Finish'** પર **'Click'** કરો.

૧૧) હવે, ભરેલ અરજીપત્રકની વિગત **'Preview'** ઓપ્શનમાં જોવા મળશે.

૧૨) ત્યારબાદ **'Payment Detail'** ઓપ્શનમાં <u>ઉમેદવારે **ભરેલ ફી**ના ચલણમાં દર્શાવેલ</u> **'Journal/ Reference No.'** <u>અને</u> **'Date of Transaction'** <u>ની માહિતી **ફરજિયાત** ભરવાની રહેશે</u>. હવે, **'Verify'** પર **'Click'** કરવું. <u>જેથી ઉમેદવારની અરજી **નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**માં **Online Save થઈ જશે**</u>. હવે **'Print'** નું ઓપ્શન **'Click'** કરવાથી અરજીપત્રકની પ્રિન્ટ નીકળશે.

૧૩) ઓનલાઈન ફોર્મમાં સુધારા કરવા કે પુનઃપ્રિન્ટ કરવા માટે **'Re-Print/Edit' button** નો ઉપયોગ કરવાનો રહેશે.

**(૧૯) પસંદગી પ્રક્રિયા :**

લેખિત પરીક્ષા માટે લાયક ઉમેદવારોની યાદી અને પરીક્ષાની તારીખ યુનિવર્સિટી વેબસાઈટ **<u>www.nau.in</u>** પર પ્રસિધ્ધ કરવામાં આવશે, જે અંગેની જાણ **SMS** થી કરવામાં આવશે. આ માટે અલગથી વર્તમાનપત્રમાં જાહેરાત કે વ્યકિતગત પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

લેખિત પરીક્ષામાં બેસવા માટે હોલ ટીકીટ **<u>www.nau.in</u>** અથવા **<u>jobs.nau.in</u>** વેબસાઈટ પરથી ઉમેદવારે પોતાનો **Application ID Number** નાખીને ડાઉનલોડ કરી મેળવી લેવાની રહેશે. હોલ ટીકીટના આધારે લેખિત પરીક્ષાનો બેઠક નંબર જાણી શકાશે.

૧) નામ.સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પરચ–૧૦૨૦૧૫–૧૨૨૩–ક, તા.૦૬/૧૧/૨૦૧૫ મુજબ વર્ગ–૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણુંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત(**Interview**)ની જોગવાઈ રદ થતાં ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે.

૨) જાહેરાત અન્વયે વિવિધ સંવર્ગ માટે આવેલ અરજીઓની તજજ્ઞોની સમિતિ ધ્વારા ચકાસણી કરવામાં આવશે. જેમાં શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ વગેરે ધ્યાનમાં રાખી માન્ય અને અમાન્ય ઉમેદવારોની યાદી આ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

૩) **<u>ખેતીવાડી અધિકારી</u>, <u>લેબોરેટરી ટેકનીશીયન</u>, <u>કોમ્પ્યુટર પ્રોગ્રામર</u>** સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું માધ્યમ **અંગ્રેજી** રહેશે. જયારે **<u>ખેતી મદદનીશ</u>** સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું માધ્યમ **ગુજરાતી** અને **અંગ્રેજી** રહેશે.

લેખિત પરીક્ષાનું સ્વરૂપ **MCQ** પ્રકારનું રહેશે, જેમાં **૯૦** મિનીટમાં **૧૦૦** પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પ્રત્યેક પ્રશ્ન **૧** ગુણનો રહેશે અને પ્રત્યેક પ્રશ્નમાં ઉમેદવારને ચાર વિકલ્પો આપવામાં આવશે. જો ખોટો વિકલ્પ પસંદ થશે તો ઉમેદવારનો **૦.૨૫** ગુણ(માર્ક) બાદ કરવામાં આવશે. આ નેગેટીવ માર્ક(ગુણ)ની સ્કીમ અમલમાં રહેશે.

**સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ** નીચે મુજબ રહેશે.

| **વિષય** | | **ગુણ** |
|---|---|---|
| સામાન્ય જ્ઞાન : | ગુજરાતનો ઈતિહાસ/સંસ્કૃતિ, ગણિત અને અંગ્રેજી તેમજ ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો | ૨૦ |
| જે તે તાંત્રિક સંવર્ગની લાયકાતને સંબંધિત વિષયનાં પ્રશ્નો | | ૮૦ |
| | **કુલ** | **૧૦૦** |

ઉકત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના આધારે **૧૦૦** ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણ મુજબ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જે મેરીટ અન્વયે ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ જગ્યા મુજબ નિમણુંક આપવામાં આવશે.

૪) **<u>સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩</u>**<u>(અંગ્રેજી)</u> સંવર્ગની **સ્પર્ધાત્મક લેખિત** પરીક્ષાનું માધ્યમ **અંગ્રેજી** રહેશે.

લેખિત પરીક્ષાનું સ્વરૂપ **MCQ** પ્રકારનું રહેશે, જેમાં **૭૫** મિનીટમાં **૮૦** પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પ્રત્યેક પ્રશ્ન **૧** ગુણનો રહેશે અને પ્રત્યેક પ્રશ્નમાં ઉમેદવારને ચાર વિકલ્પો આપવામાં આવશે. જો ખોટો વિકલ્પ પસંદ થશે તો ઉમેદવારનો **૦.૨૫** ગુણ(માર્ક) બાદ કરવામાં આવશે. આ નેગેટીવ માર્ક(ગુણ)ની સ્કીમ અમલમાં રહેશે.

**સ્પર્ધાત્મક લેખિત** અને **પ્રાયોગિક પરીક્ષાનો** અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| **વિષય** | | **ગુણ** |
|---|---|---|
| લેખિત પરીક્ષા : | ગુજરાતનો ઈતિહાસ/સંસ્કૃતિ, ગણિત અને અંગ્રેજી તેમજ ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો | ૮૦ |
| પ્રાયોગિક પરીક્ષા : | ટાઈપીંગ(અંગ્રેજી) અને લઘુલીપી(અંગ્રેજી) | ૨૦ |
| | **કુલ** | **૧૦૦** |

ઉકત સ્પર્ધાત્મક લેખિત અને પ્રાયોગિક પરીક્ષાના આધારે **૧૦૦** ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણને આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જે મેરીટ અન્વયે ઉમેદવારોને જાહેરાતમાં દર્શાવેલ જગ્યા મુજબ નિમણુંક આપવામાં આવશે.

૫) ઉકત સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનું મેરીટ એકસરખું થાય ત્યારે જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી.નાં પ્રર્વતમાન નિયમો ધ્યાને લઈ નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**(અ)** જો એક કરતાં વધારે ઉમેદવારોના ગુણ એકસરખા આવેલ હોય, તો જે તે સંવર્ગ માટે નકકી થયેલ શૈક્ષણિક લાયકાત મુજબની કક્ષાએથી મેળવેલ ગુણને ધ્યાને લઈ તે મુજબ અગ્રતાક્રમની યાદી બનાવવામાં આવશે.

**(બ)** ઉકત(અ) મુજબની ગણત્રી કરતાં તેમાં પણ એક કરતા વધારે ઉમેદવારો સરખા ગુણ ધરાવતા હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મ તારીખ ધ્યાને રાખી અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.

૬) નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ–૪, તા.૨૩/૦૭/૨૦૦૪ની જોગવાઈઓ ધ્યાને લઈ બિનઅનામત વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય તે જ ધોરણે પસંદગી પામેલા હોય એવા જ અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહી પરંતુ બિનઅનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે/સરભર કરવાના રહેશે. જયારે બિનઅનામત વર્ગ માટે નિયત થયેલી વયમર્યાદા/લાયકાતમાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત વર્ગની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

**(૨૦) સામાન્ય શરતો :**

- સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતાના વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક(ગુજરાતી)ના નમુનામાં પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. **<u>તા.૧/૪/૨૦૧૫</u>** થી **<u>તા.૩૧/૩/૨૦૧૬</u> અથવા <u>તા.૧/૪/૨૦૧૬</u>** થી **<u>તા.૩૧/૩/૨૦૧૭</u>**ના સમયગાળાની આવકને ધ્યાને લઈ **<u>તા.૧/૦૪/૨૦૧૬</u>**થી અરજી કરવાની છેલ્લી **<u>તા.૧૧/૪/૨૦૧૭</u>** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તેની તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનો રહેશે. સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો, તેઓની ઉમેદવારી **રદ થશે**. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ નોન–ક્રીમીલીયેર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.
- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન–ક્રીમીલીયેર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે સમયે અને ત્યારબાદ પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવા યુનિવર્સિટીને અસલમાં રજુ કરવાના રહેશે.
- એથેલેટિકસ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઈફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રિય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકકદાર થશે.

## (૨૧) સામાન્ય સૂચનાઓ :

- ❖ જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે, તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ **૪૫ વર્ષ** થી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.
- ❖ બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ **૪૫ વર્ષ**ની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.
- ❖ જો એકથી વધુ જગ્યા માટે અરજી કરવી હોય તો, દરેક જગ્યા માટે અલગ–અલગ અરજી કરવાની રહેશે અને અરજી/પરીક્ષા ફી પણ અલગ ભરવાની રહેશે.
- ❖ ઉમેદવારે અરજી મોકલતી વખતે **કવર ઉપર "જગ્યાનું નામ"** અવશ્ય દર્શાવવાનું રહેશે.
- ❖ શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબકકે **રદ** કરવાપાત્ર થશે.
- ❖ ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો ભવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.
- ❖ ઉમેદવારે અરજીપત્રકમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો **Upload** કરવાનો રહેશે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. પરીક્ષા સમયે હોલ ટીકીટમાં તે જ ફોટો લગાવવાનો રહેશે. તેમજ નિમણુંક વખતે યુનિવર્સિટી ફોટો માગે ત્યારે તે જ ફોટોની નકલ આપવાની રહેશે.
- ❖ ફીકસ પગારથી લાયક ઉમેદવારને **પાંચ**(૫) વર્ષનાં અજમાયશી ધોરણે યુનિવર્સિટી ખાતેની જગ્યા ઉપર નિમણુંક સત્તાધિકારી ધ્વારા નિમણુંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો–૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાના નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળામાં પાસ કરવાની રહેશે.
- ❖ ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના(સામાન્ય) નિયમો–૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણુંક **રદ** કરી પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- ❖ ઉમેદવારોએ કચેરી તરફથી સ્પર્ધાત્મક પરીક્ષા કે પ્રાયોગિક પરીક્ષાનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.
- ❖ ઉપરોકત તમામ જગ્યાઓ રાજય સરકારશ્રીના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવામાં આવશે.
- ❖ આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી/પરીક્ષા ફી મળવાપાત્ર થશે નહીં.

(૨૨) નિમણુંક પામતા ઉમેદવારોને નાણાં વિભાગ, ગાંધીનગરના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪, તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ તેમજ તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવથી થયેલ સુધારા અનુસાર ફીકસ પગારનો દર લાગુ પડશે તેમજ સરકારશ્રી ધ્વારા વખતો વખત કરવામાં આવતા સુધારાઓ લાગુ પાડવામાં આવશે.

શરૂઆતના પાંચ વર્ષની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ મુજબ ઠરાવેલ શરતો અને બોલીઓ મુજબ સંતોષકારક રીતે પુરી થયેથી જે તે સંવર્ગમાં જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાપાત્ર થશે. તેમજ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ધારા ધોરણો લાગુ પડશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

(૨૩) ફીકસ પગારની પાંચ વર્ષની કરાર આધારિત સેવા હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોની પાંચ વર્ષની સેવાઓ/ફરજો સંતોષકારક હશે તો જ નામદાર સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અસામાન્ય સંજોગોમાં યુનિવર્સિટી ઉપરોકત કરારી સેવા ગમે ત્યારે **રદ** કરી શકશે અને તે અંગે કોઈ વળતર ચૂકવવાપાત્ર થશે નહિ.

(૨૪) આ જાહેરાત કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે તેમજ ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણય માટે યુનિવર્સિટીને હકક અબાધિત રહેશે. યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૨૫) **અગત્યની તારીખો :**

| **ક્રમ** | **વિગત** | **તારીખ** | |
|---|---|---|---|
| | | **કયાંથી** | **કયાં સુધી** |
| ૧ | વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૧૬/૦૩/૨૦૧૭ | તા.૧૧/૦૪/૨૦૧૭ |
| ૨ | બેંકમાં ફી ભરવાની તારીખ | તા.૧૭/૦૩/૨૦૧૭ | તા.૧૦/૦૪/૨૦૧૭ |
| ૩ | ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવાની તારીખ | તા.૧૮/૦૩/૨૦૧૭ | તા.૧૧/૦૪/૨૦૧૭ |
| ૪ | ઓનલાઈન અરજીની નકલ તથા જરૂરી પ્રમાણપત્રો મોકલવાની તારીખ | તા.૧૮/૦૩/૨૦૧૭ | તા.૧૭/૦૪/૨૦૧૭ |

સહી/–

**કુલસચિવ**

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી

નવસારી

તા.૧૫/૦૩/૨૦૧૭